# દત્ત ભગવાનનું પ્રાક્ટય

બ્રહ્માના સાત માનસ પુત્રો છે. એમાં બીજા નંબરના પુત્ર તે અત્રી, જે બ્રહ્માના નેત્રમાંથી ઉત્પન્ન થયેલ છે.

સૂર્યનું પ્રથમ ગ્રહણ અત્રિઋષિએ જગતમાં પ્રસિદ્ધ કર્યું હતું. અત્રિ સર્વજ્ઞ છે. કૃત યુગમા લોકોને રોગથી પીડાતા જોઈ આયુર્વેદની રચના કરી સર્વ રોગોનો નાશ કર્યો. પિતાની આજ્ઞાથી સતી શિરોમણી કર્દમ ઋષિની પુત્રી અનસૂયા સાથે લગ્ન કર્યા.

પિતાની આજ્ઞા લઈ અત્રિ પોતાની પત્ની અનસૂયા સાથે ઋક્ષકુલાચલ પર્વત પર આવી નિત્યકર્મ કરી, એક પગે ઉભા રહી વાયુ ભક્ષણ કરે છે.

સેંકડો વર્ષ દારુણ તપ કરે છે. બ્રહ્મા, હરિહર પ્રસન્ન થાય છે. અત્રિઋષિ આંખ ઉઘાડી જૂએ છે. ત્રણ દેવ ત્રિમૂર્તિ સ્વરૂપે ઉભા છે. અત્રિ ઋષિને આશ્ચર્ય થાય છે કે મેં એકનું ધ્યાન કર્યું અને કોણ તમે આ ત્રણ ?

દેવો કહે છે : ત્રણ ગાત્રો હોવા છતાં અમો એક જ છે, જે કોઈ જે રૂપે ભજે તેને તે રૂપ દેખાડી નિજ ભક્તને રહીએ એક સ્વરૂપ.

પરબ્રહ્મ એક હોવા છતાં માયાની ઉપાધિથી જુદા જુદા દેખાય છે.

ત્રિગણેશના દર્શન માત્રથી ભવેભવના બંધનો દૂર થાય છે. નામસ્મરણ કરવાથી પતિત (પાપ) પણ પાવન થાય છે.

ત્રિમૂર્તિ એટલે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. બ્રહ્મા જગતની ઉત્પત્તિ કરે છે. વિષ્ણુ પાલન કરે છે અને મહેશ શિવ સંહાર કરે છે. ત્રિમૂર્તિ સ્વરૂપ અત્રિઋષિને પ્રસન્ન થથાં, આત્મવરદાન આપે છે. દૈવી પુત્ર થશે. જગતમાં કીર્તિ ફેલાવશે. સઘળી ઈચ્છા પૂર્ણ થશે રેવા (નર્મદા નદી) અને એરંડા નદીનો જ્યાં સંગમ થાય છે એવા ગુજરાતમાં જ્યાં બાજુમાં વ્યાસ ક્ષેત્ર આવેલું છે, ત્યાં શુકયોગી જન્મી અક્ષયધામ પામે છે.

એવા પવિત્ર સ્થળે અત્રિ અને અનસુયા આશ્રમ બાંધી રહે છે. બ્રહ્મ હરિહર દેવને એકસ્વરૂપ માની પ્રેમથી એમની આરાધના કરી છે. અનસૂયાના મનમાં દેવ પદ પ્રાપ્ત કરવાની જરા પણ ઈચ્છા ન હોવા છતાં સતીના સતીત્ત્વથી દેવો ડરી જાય છે.

શ્રી હરિ પાસે આવીને સતી અનસૂયાથી થયેલ ભય દૂર કરવા કહે છે. શ્રીહરિ દેવોને નિજ સ્થાનમાં જઈ નિર્ભય રહેવા કહે છે. લક્ષ્મી, સાવિત્રી અને ઉમા અભિમાનમાં રાચે છે કે: આ ત્રિભુવનમાં અમારા જેવી પતિવ્રતા કોઈ નથી. એમનો ગર્વ ઉતારવા પ્રભુ મુક્તિ કરે છે અને ત્રણ દેવીના કહેવાથી અનસૂયા સાધ્વી સતીની પરીક્ષા કરવા દેવો એના બારણે આવે છે.

નગ્ન થઈને ભીક્ષા આપવાનું કહે છે. અનસૂયા સતીને આશ્ચર્ય થાય છે. મનોગત જુએ છે તો ત્રણ દેવોની જાણ થાય છે. દેવો એમને મા કહી ભિક્ષા માગતા હોવાથી સતી સતીત્વના સામર્થ્યથી દેવો બાળક બની જાય છે.

છ માસ થવા છતાં દેવો પાછા નિજ ઘરે નહીં ફરતા ત્રણે દેવીઓ ચિંતા કરે છે. નારદ સાથે ભૂલોકમાં આવી સતી અનસૂયાની માફી માંગી છે.

દેવો અસલ સ્વરૂપમાં આવી જાય છે. દેવો અનસૂયાને ઘરે જન્મ ધારણ કરવાનું વચન આપી સ્વર્ગે સિધાવે છે.

સતી શાંડિલી સૂર્યને ઉદિત થતો અટકાવે છે. આઠ દિવસ થતા સૂર્યનારાયણ સતી શાંડિલીના વચનથી બંધાઈ ઉગતા નથી. પૃથ્વી પરના લોકો ત્રાસી જાય છે. બ્રહ્મદેવની પાસે દેવો આવી હકીકત કહે છે દેવો અનસૂયાના દ્વારે આવી સતી અનસૂયાને સતી શાંડિલાને સૂર્યોદય કરાવવા સમજાવવા કહે છે. સતી અનસૂયા પુઠણ નગરીમાં જઈ શાંડિલીને સમજાવી સૂર્યોદય કરાવે છે.

શાંડિલીના પતિ કૌશિક માંડવ્ય ઋષિએ આપેલા શાપના પ્રભાવથી મરણ પામે છે. સતી અનસૂયા પોતાના સતીત્વના બળથી એને સજીવન કરે છે. ત્યાંથી અત્રિ અને અનસૂયા માહૂરગઢ જાય છે સૂક્ષ્માદ્રિશિખર પર આશ્રમ બાંધી રહે છે.

અનસૂયા માતા ઋતુસ્નાન કરી અત્રિ ઋષિની સામે ઉભા રહેતા અત્રિ ઋષિની આંખમાંથી એક પવિત્ર જ્યોત નીકળી અનસૂયાના ઉદરમાં પેસતા સતી અનસૂયા ગર્ભવતી બને છે. નવ માસ નવ દિવસ થતાં માગસર સુદ પુનમ ને વારોમાં રત્ન સમા બુધવારે મૃગ નક્ષત્રમાં પ્રદોષ સમયે માહુરગઢમાં દત્ત ભગવાનનો જન્મ થયો અત્ર્યનસૂયાના ચિત્તમાં આનંદ માતો નથી દત્ત ભગવાનના ત્રણ મુખ એ સત્ ચિત્ અને આનંદના સૂચક છે. છ હાથ એ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને જ્ઞાનના સૂચક છે. દત્ત ભગવાનની છ ભૂજાઓમાં જુદા જુદા આયુધો જોવા મળે છે. નીચેના બે હાથમાં કમંડલ અને માળા ધારણ કરે છે. વચલા બે હાથમાં ડમરુ અને વિશાળ ત્રિશૂલ શોભી રહ્યા છે. ઉપરના હાથમાં શંખ અને ચક્ર ધારણ કરેલ છે. માથા પર જટાજૂટ શોભી રહ્યા છે.

**દત્ત ભગવાનનો દેહવિલય થયો જ નથી તેઓ જ્ઞાન આપનારા દેવ છે. ભક્તોને જ્ઞાન આપી અજ્ઞાન દૂર કરે છે. આજે પણ તેમની દિનચર્યા વિવિધ સ્થળોએ જઈ કરે છે. રુક્ષ્માચલ પર્વત પર જઈ રોજ રાત્રે તેઓ સૂઈ જાય છે. સવારે ગંગા સ્નાન કરે છે કુરુક્ષેત્રમાં જઈ આચમન કરે છે**



**દત્ત ભગવાનનું પ્રાગટ્ય :**

દત્ત ભગવાનનું પ્રાગટ્ય સમગ્ર જનસમુદાયના કલ્યાણાર્થે થયું છે આ કળિયુગમાં દત્ત દિગંબર તારનારા દેવ છે. શરણે આવેલાનો તે તારણહાર છે. દત્તપ્રભુ સ્મૃતગામી દેવ છે. યાદ કરો ને હાજર થાય એવા દેવ છે. ભક્તોદ્ધારણ કારણે, ભક્તોનું રક્ષણ કરવા, ભૂમિ ભાર ઉતારવા અને ધર્મપાલન કરાવવા દત્ત પ્રભુએ અવતાર ધારણ કરેલ છે. દત્ત ભગવાને પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધું છે. પોતે સ્વયં સ્વનું દાન કરી દીધું છે પોતે પોતાની જાતને આપી દીધેલ છે. અપાય ગયેલા દેવ એટલે દત્ત. કળિયુગમાં બીજા સાધનોથી ભક્તિ શ્રેષ્ઠ છે. ભક્તિ જ્ઞાનની માતા છે. ભિન્નતા ભેદ દૂર કરે છે ગુરુદેવની કૃપા થતા નિરસ પણ રસવાળા બને છે.

ગુજરાતમાં ગુરુ દત્તાત્રેયની ભક્તિ મહારાષ્ટ્ર જેટલી પ્રબળ અને વિસ્તરેલી નથી પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજે ગુજરાતના ગરૂડેશ્વરમાં આવી પોતાની અંતિમ લીલાઓ કરી, દત્ત ભક્તિના બીજ વાવ્યા. પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજે નારેશ્વરમાં રહી તપશ્ચર્યા કરી દત્ત ભક્તિનો ગુજરાતમાં સારો એવો પ્રચાર- પ્રસાર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

પરમાત્મા વિષે તેઓ આત્મજનોને કહેતા : હરેક પળે, હરેક સ્થળે હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો.

હરતા ફરતા ઉંઘતા જાગતા ઉઠતાં બેસતાં કે કામ કરતા એના સાનિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો. નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો. રામ કહો કે રહેમાન કહો, ઇષ્ટ કહો કે ક્રાઇસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધિ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઇશ્વર કહો કે અલ્લાહ કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગોડ કહો કે ગણેશ કહો, અઉરર્મઝદ કહો કે આત્મમસ્ત કરો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે શિવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ચિતિ કહો કે ભગવતી કહો, મેરી કહો મરિયમ કહો કે માતા કહો કે બીજુ કાંઈ કહો, પુલિંગી, સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી પોકારો, જે કાંઈ કહે છે તે એ જ છે.

અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનંત રૂપમાં એ એક જ અરૂપી લખાયેલો છે.

પર્વતોમાં એનું સ્થાણત્વ નિહાળો, નદીઓમાં એની દયાદ્રતા અનુભવો, સૂર્ય, તારા, નક્ષત્રોમાં એના ક્ષણે ક્ષણે નવીનતાભર્યા સૌન્દર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતા ફરતા 'સત્યં, શિવં, સુન્દરમ્'ને પિછાનો, જાતિ જાતિમાં એ અજાતને જોતાં શીખો ! તમારું સર્વ વાસ્તુ રોમે રોમ એનાથી ભરી દો તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો તદ્રુપ થાઓ- તન્મય બનો !

દત્ત ભગવાનનો દેહવિલય થયો જ નથી તેઓ જ્ઞાન આપનારા દેવ છે. ભક્તોને જ્ઞાન આપી અજ્ઞાન દૂર કરે છે. આજે પણ તેમની દિનચર્યા વિવિધ સ્થળોએ જઈ કરે છે. રુક્ષ્માચલ પર્વત પર જઈ રોજ રાત્રે તેઓ સૂઈ જાય છે. સવારે ગંગા સ્નાન કરે છે કુરુક્ષેત્રમાં જઈ આચમન કરે છે.

ગણગારપુરમાં જઈ ભસ્મ લગાવી ધ્યાન કરે છે. પંઢરપુરમાં જઈ તિલક ધારણ કરે છે. બદરી નારાયણમાં જઈ કથા સાંભળે છે. પાંચાલેશ્વરમાં જઈ ભોજન કરે છે. તુંગભદ્રામાં સદા જલપાન કરે છે ગિરનારમાં જઈ વિશ્રાંતિ કરે છે, કોલ્હાપુરમાં જઈ સંધ્યા કરે છે.

શ્રીમદ્ ભાગવત્માં ભગવાન દત્તાત્રેયને ગુરુ તરીકે વર્ણવ્યા છે. ભગવાન દત્તાત્રેયે પોતે ૨૪ ગુરુ કરેલા છે. આબુના ગુરુશિખર પર દત્તના પગલા જોવા મળે છે. જૂનાગઢના ગિરિનાર પર્વત પર દત્તની ટૂક દત્તના પગલા તરીકે જાણીતી છે.

દત્તલીલા ગહન છે એનો પાર પામી શકાતો નથી. જ્ઞાની પણ તેનો પાર પામી શકતા નથી તો અજ્ઞાનીઓ એવા પામર મનુષ્યનું શું ગજું ?

કનક એસ. શાહ

## શબ્દ બ્રહ્મના ઉપાસક

# શ્રીરંગ અવધૂત

વિરાટ એવં વામન વિશ્વનિયંતાના આ બ્રહ્મવિશ્વમાં ''બ્રહ્મ સત્ય, જગત મિથ્યાં'' એ ઉક્તિનો યુગયુગાંતર સુધી સાધક સમુદાયમાં પ્રબોધ કરવા, સમયાંતરે અનેક સંબુધ્ધ સંતોનો પ્રાદુર્ભાવ થયો છે.

ગુજરાતમાં અને અન્યત્ર જ્યારે ધર્મશિલાન્યાસની આત્યંતિક આવશ્યકતા હતી ત્યારે સર્વ કર્મ ફૂલ પ્રદાતા ત્રિમૂર્તિ ભગવાન દત્તાત્રેયના સ્વસ્વરૂપ એવા સહોદિત સદ્‌ગુરૂ શ્રીરંગ અવધૂત મહારાજનો ગોધરાની ગોકુલ ભૂમિમાં એજ શ્રેયાર્થે પ્રાદુર્ભાવ થયો.

સમયાંતરે નારેશ્વરની તપોભૂમિમાં તપ યજ્ઞ સાધનાથી આત્મોન્નતિ સાધીને સાથે સાથે મા નર્મદાને તીર્થત્ત્વ અપાવ્યું.

પરબ્રહ્મ સ્વરૂપ શ્રીરંગ પ્રભુએ જગત સુહૃદયની આત્મીયતાથી સર્વજન સમભાવ દાખવી 'પરસ્પર દેવો ભવ'નો ઉન્નત અંતરભાવ સર્વત્ર જગાવ્યો.

પૂ. શ્રીરંગ અવધૂત મહારાજે નર્મદા નદીના કિનારે નારેશ્વરમાં તપ અને સાધનાની સાથે શબ્દબ્રહ્મની ઉપાસના પણ કરી છે.

ગુજરાતને દત્તભક્તિ અને માતૃ સેવાનો રંગ લગાડનાર શ્રીરંગ અવધૂત મહારાજને કોઈ એક ધન્ય પળે દત્તલીલા ગાવાનો આદેશ મળ્યો. એ આદેશાનુસાર તેમણે ૧૯૦૦૫ દોહરા અને ભજનાદિ વણી લઈ ''શ્રી ગુરુલીલા મૃત'' નામના વરદ ગ્રંથની રચના કરી. શ્રીગુરુલીલામૃત સરળ દોહરામાં લખાયેલું શ્રી દત્ત પરંપરાંનું મહાકાવ્ય છે.

જેના પાઠ, પારાયણ, પ્રદિક્ષણા કરવા માત્રથી શ્રદ્ધાળુ ભક્તોના આધિ, વ્યાધિ,

**શ્રીરંગ પ્રભુએ જગત સુહૃદયની આત્મીયતાથી સર્વજન સમભાવ દાખવી 'પરસ્પર દેવો ભવ'નો ઉન્નત અંતરભાવ સર્વત્ર જગાવ્યો.**

ઉપાધિ જેવા ત્રિતાપ-સંતાપ દૂર થાય છે.

લૌકિક દ્રષ્ટિએ વિચારીએ તો પૂ. રંગ અવધૂત મહારાજની સ્થૂળ દેહે હયાતી હતી ત્યારે ભક્તોના ટોળે ટોળા એકત્ર થઈ સાંસ્કારિક સુખ, સંપત્તિ, વૈભવ, પુત્ર, પૌત્ર, ધન, ધાન્ય જેવા ભૌતિક વસ્તુની માંગણી કરતાં હતાં. પૂ. શ્રીએ વિચાર કર્યો હશે કે : ''મારી સ્થૂળ દેહે હયાતી નહીં હોય ત્યારે આ મારા ભોળા ભક્તો શું કરશે ? કોની પાસે જશે ?

પોતાના દુઃખડા દૂર કરવા શું કરશે ? સાંસારિક માતા-પિતા પોતાના સંતાનોનાં સુખ માટે પોતાની શક્તિ મુજંબ કંઈક મૂડી વારસામાં મુકતા જાય છે. એ વિચારે પૂ. શ્રી ભક્તોને શ્રીગુરુલીલામૃત ગ્રંથ વારસામાં આપતા ગયા છે.

શ્રી ગુરુલીલામૃત ગ્રંથમાંથી ભક્તોની દરેકે દરેક સાંસારિક સમસ્યાનું સમાધાન મળી રહે છે.. ત્યાગી, યોગી, રોગી, ભોગી દરેકને માર્ગદર્શન મળી રહે છે.''

ગુરુલીલામૃત ગ્રંથમાં પૂ. શ્રીએ લખ્યું છે કે : ''દત્તકથામૃત આનકી કામધેનુ કલિ માંહ્ય,

કામિત સિદ્ધ કરે, કરે ભવભય, મુક્તિ થાય.''

પૂ. શ્રીરંગાવધૂત મહારાજની શબ્દ બ્રહ્મ ઉપાસનાનું બીજું ઉદાહરણ છે ''દત્તબાવની''

પૂ.શ્રી રંગાવધૂત ગુરુ મહારાજે યુગની નાડ પારખી આ શબ્દબ્રહ્માની ઉપાસના ''દત્તાબાવની'' સ્વરૂપે કરી છે.

શબ્દો માત્ર ગોઠવી કે બેસાડી દીધેલા નથી. દત્તાબાવની એ રંગાવધૂત મહારાજે દત્તભગવાનને રીઝવવા, નવાજવા કે બિરદાવવા પોતાના હૃદયના ઊંડાણમાંથી નીકળેલ આર્તનાદથી કરેલ પ્રાર્થના છે, હૃદયોર્મિ છે.

રંગ અવધૂતજીના અંતઃકરણની કોઈ અજબ શક્તિથી દત્તબાવનીનું પ્રાગટ્ય થયું છે.

સમાજની સેવા એજ પરમ ધર્મ છે. એવું માનનારા પૂ. શ્રીએ સત્યમ્ શિવમ્ સુંદરમ્ નો શુભગ ત્રિવેણી સંગમનો સમન્વય સાધ્યો હોય એવું લાગે છે. મનુષ્યને ડગલેને પગલે મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. એનો દુન્યવી માર્ગ પણ પુષ્પાચ્છાદિત નથી. ત્યાં પારમાર્થિકનું તો કહેવું જ શું ? એની પાસે કોઈ સાત્ત્વિક આલંબન ન હોય તો એને જીવન અકારું લાગે છે.

સાંપ્રત સમયમાં સાત્ત્વિક આલંબનના અભાવે આપઘાતના બનાવો દિનપ્રતિદિન વધતાં જતાં જોવા મળે છે.

આવા દૈવી આલંબન વિના છેવટે માનવી હતાશ થઈ, નિરાશામાં ડૂબી, ધૂળમાં મળી નહીં જાય એ માટે સકળ શક્તિ અને સાત્ત્વિકતાના ભંડારરૂપ ત્રિલોકનાથ પરમાત્મા વગર આવી દોહ્યલી વેળાએ અન્ય કોઈ સહાય કરનાર નહીં રહે ત્યારે ભક્તજન નિરંતર ભગવાનનું વજ્રસાર આલંબન પકડી રાખે છે.

દત્તબાવનીનું સ્મરણ, અનુષ્ઠાન કરવાથી દત્તભગવાન તેમની વ્હારે દોડે છે. સંકટ સમયમાં દત્તબાવનીનું કરેલું ગાન સંકટ દૂર કરે છે.

ભીડભંજન દત્તપ્રભુએ અનેક ભક્તોની ભીડભાંગી છે.

ભક્તોના જીવનમાં બનેલ દત્તબાવનીના અનેક પરચાઓ વારંવાર વાંચવા સાંભળવા મળે છે.




દત્તબાવનીના પાઠ, અનુષ્ઠાનથી અનેક ભક્તોને સાંસારિક પ્રશ્નોનું સમાધાન થઈ ગયાનો અનુભવ થયો છે.

તેથી જ દત્તબાવની મનુષ્ય જીવનનું પાથેય છે.

સાચી શ્રદ્ધા, ભક્તિથી દત્તબાવનીના પાઠ, અનુષ્ઠાન કરવાથી પૂ. શ્રીની હાજરી હોવાની અનુભૂતિ થાય છે. દત્તઉપાસકો

**પૂ. શ્રી રંગાવધૂત ગુરુ મહારાજે યુગની નાડ પારખી આ શબ્દબ્રહ્માની ઉપાસના ''દત્તાબાવની'' સ્વરૂપે કરી છે**

માટે દત્તબાવની એટંબોમ્બ સમાન ગણાય છે. દત્તબાવનીને પૂ. શ્રીના અમોઘ આશીર્વાદ મળેલ છે કે :


''કાળક્રમે બધું સાહિત્ય ભુલાઈ જશે પરંતુ દત્તબાવની નહીં ભુલાય.'' સર્વોતો મુખી દત્તબાવનીની પ્રતિભા દેશના સીમાડા ઓળંગી વિશ્વાભિમુખ બની છે.

આ શબ્દ બ્રહ્મનું વાંચન, મનન, શ્રવણ કરવાથી આ સંસાર સાગર સરળતાથી અને સફળતાપૂર્વક પાર કરી શકીએ એમ છીએ. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેય પુરુષાર્થ આદરી આપણી ભવ્ય સંસ્કૃતિનું દર્શન કરાવ્યું છે.

પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજ આજે પણ અગણિત ઉપકારો ભક્તો પર કરી રહ્યાં છે.

એમના જન્મદિન પર્વે કોટિ કોટિ વંદન.

**- કનક એસ. શાહ**



# શ્રીરંગ અવધૂત વિરચિત શ્રીગુરુલીલામૃત ગ્રંથ

દત્તભક્તિ
કનક શાહ

**મા**તા નર્મદાના કિનારે આવેલ નારેશ્વરને તપોભૂમિ બનાવી શ્રીરંગ અવધૂત મહારાજે યોગસાધના અને ભક્તિભાવનાના સહારે લોકકલ્યાણનાં અનેક કાર્યો કરી, ભક્તોના હૃદય જીતી લીધા.

'પરસ્પર દેવો ભવ', 'છાત્ર દેવો ભવ',
'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્',
'ન માતુઃ પરદેવતમ્'!
જેવાં મહાન દિવ્ય સૂત્રો આપ્યાં.

નારેશ્વરમાં રહી આકરું તપ કરતાં કરતાં પોતાનાં માતૃશ્રી રુકમામ્બાનાં ચરણોની સદા સેવા કર્યા કરી. ગુજરાતને એ નિમિત્તે દત્તભક્તિનો અને માતૃસેવાનો રંગ લગાડ્યો.

'અવધૂતિ આનંદ', 'અક્ષરગીતા', 'બોધમાલિકા', 'રંગહૃદયમ્', 'ગુરુલીલામૃત' જેવા વરદ ગ્રંથની લોકલ્યાણાર્થે રચના કરી, ભાવિક ભક્તોને દત્તભક્તિના સાચા રંગે રંગ્યા.

ગુરુલીલામૃત ગ્રંથમાં દત્ત પરંપરાના અવતારી ત્રણ સંતોની લીલાઓનું વર્ણન કર્યું છે. શ્રીગુરુલીલામૃત ત્રણ કાંડમાં પ્રસિદ્ધ થયું છે. (૧) જ્ઞાનકાંડ, (૨) કર્મકાંડ અને (૩) ઉપાસનાકાંડ.

જ્ઞાનકાંડમાં ભગવાન દત્તાત્રેયનો જન્મ અને તેમની લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કર્મકાંડમાં શ્રીપાદવલ્લભ સ્વામી તથા નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજે કરેલ લીલાઓનું વર્ણન છે. શ્રીપાદવલ્લભ સ્વામી મહારાજે કુરવપુરમાં જન્મી બદરીવનમાં તપ કર્યું. નૃસિંહ સરસ્વતી મહારાજે કર્ણાટક અને મહારાષ્ટ્ર રાજ્યમાં પોતાની લીલાઓ કરીને ભક્તજનોનો ઉદ્ધાર કર્યો. ઉપાસના કાંડમાં વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે ટેંબે કુળના માણગાંવમાં જન્મ લીધો. પોતાની અંતિમ લીલા ગુંજરાતના નર્મદા જિલ્લામાં આવેલ ગરુડેશ્વર તીર્થમાં કરી અને ત્યાં જ તેઓએ પોતાની જીવનલીલા સંકેલી લીધી. ગુજરાતના ભક્તોને દત્તભક્તિનો રંગ લગાડ્યો. ઘણા ભક્તોનાં પાપ, તાપ ને દૈન્ય(દીનતા) દૂર કરી, સન્માર્ગે વાળ્યા.

આ સઘળા દત્ત પરંપરાના સંતોની લીલાઓમાં ખૂબજ સામ્યતા જોવા મળે છે. તેથી આ બધા સંતોને દત્તના અવતાર માનવામાં આવે છે. દેવની આજ્ઞા અનુસાર દેવ દ્વારા લખાવાયેલો છે. રંગ અવધૂતજીના મતે પોતે આ ગ્રંથ એમણે પોતે લખ્યો નથી. દત્ત પ્રભુએ લખાવ્યો છે. પોતે તો એક નિમિત્ત માત્ર જ બન્યા છે. આ એક ઔપાસનિક ગ્રંથ છે. આ ગ્રંથ શરૂઆતથી અંત સુધી બ્રહ્મ રસાસ્વાદે ભર્યો છે. આ કળિયુગમાં દરેક માનવીને પોતાના દૈનિક જીવનમાં જીવન જીવવાના અને ઉપાસનાના અનેક ઉપાયો બતાવ્યા છે. આ ગ્રંથના પાઠ-પારાયણ કરવાથી સાંસારિક અને આધ્યાત્મિક હેતુ સિદ્ધ કરી શકાય છે. આ ગ્રંથમાં ૧૯૦૦૫ દોહરા અને ૧૪૮ અધ્યાયો છે. આર્તસ્તુતિ, ગુરુમહિમા, ભક્તિ તથા વેદાંતને લગતા દોહરા લખાયેલા જોવા મળે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવાના ઉપાયો બતાવ્યાં છે.

સાહિત્યિક દૃષ્ટિએ વિચારીએ તો આ ગ્રંથમાં અનેક રસોનો સમન્વય સાધી સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. દા.ત. કરુણરસ, વીરરસ, શૃંગારરસ, હાસ્યરસ વગેરે. રસની બાબતમાં ગુરુ મહારાજ રંગઅવધૂત બાપજીનાં પેંગડામાં કોઇ પગ મૂકી શકે એમ નથી. એક રસમાંથી બીજા રસમાં બાપજી એટલી બધી સહજ રીતે લઇ જાય છે કે વાચક કે શ્રોતાઓને તેની ખબર પડતી નથી. ગ્રંથની ભાષા ગુજરાતી છે. શબ્દભંડોળ ગુરુ મહારાજે ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, અરબી, ફારસી ભાષાના શબ્દપ્રયોગ કર્યા છે. અનુષ્ટુપ છંદમાં સમગ્ર ગ્રંથ લખાયેલો છે. કૃતયુગ, સત્યુગ, ત્રેતાયુગ અને કલિયુગનાં લક્ષણો અને એનું આયુષ્ય દર્શાવવામાં આવ્યું છે. કલિયુગનાં લક્ષણ અને એનું સ્વરૂપ જોતાં હાસ્ય નિષ્પન્ન થાય છે.

કલિયુગનું વર્ણનઃ મલિન રૂપ છે. એહનું મેલું અંતઃકરણ,
વિચાર શૂન્ય મેલું દીસે, સદા પિશાચ વદન.
ઝઘડાખોર સદા લડે, અધોમુખ અશુદ્ધ,
લથડિયાં ખાતો ફરે, આંખ લાલ છે.
પ્રેમભાવ જાણે નહીં, સદા વ્યસન ચકચૂર,
દ્વેષમૂર્તિ રૌદ્રએ, દયાહીન અતિ ક્રૂર.
પાપ સંઘ સાથે ફરે, નાચે કૂદે એમ!
મુખ મીઠું વિખ અંતરે, હસે રડે વળી તેમ!
મર્કટવત્ ચેષ્ટા કરે, આવ્યો વિધિજા પાસ,
પૂછેઃ આજ્ઞા શી મુને? કહાં કરુ કંકાસ?
દેખી વિચિત્ર એહનું પિશાચ સમ એ રૂપ,
બ્રહ્મદેવ ગદ્ગદ હસે, કલિ હે કૂપ!

શ્રીરંગ અવધૂત મહારાજ ઉપદેશમાં નહીં, આચરણમાં માનનારા સંત છે. બ્રહ્મથી બીજું કશું આ જગતમાં છે જ નહીં. આત્મા પરમાત્મા, જીવ-જગત અને જીવન વિશે તેમજ મરણ પછીની ગતિ વિશે પૂ. બાપજીએ ઘણું કહ્યું છે. અત્ર્યનસૂર્યાના કારણે દત્ત ભગવાને અવતાર ધારણ કરી, કંઇ કેટલાયે ભક્તોને તાર્યા છે.


- ગુરુ સ્મરણ જો ચિત્તમાં કોણ બાપડી બીક?
કાલમૃત્યુ બાધે નહીં! ક્યાં અપમૃત્યુ ધિક?
- કર કંકણ જોવા કંઇ ન આરસીનું કામ,
ગુરુલીલા વિસ્તારવા ગ્રંથ નિરર્થ તમામ!
- સાકરથી પણ મીઠડી ગુરુકથા આ જાણ,
થાય ન તૃપ્તિ શ્રવણથી તુષ્ણા વધે અમાન.

પૂ. રંગ અવધૂતજીએ આપણને ગુરુલીલામૃત ગ્રંથ આપી ન્યાલ કરી દીધા છે. એમના જન્મદિન પર્વે જગત સુહૃદ સંતને શતશઃ વંદન. ■

# જગત સુહૃદ પૂ. રંગ અવધૂત

**નારેશ્વરના નાથ**

કનક શાહ



વિરાટ એવમ્ વામન વિશ્વનિયંતાના આ બ્રહ્મવિશ્વમાં 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' એ ઉક્તિને યુગયુગાંતર સુધી સાધક સમુદાયમાં પ્રબોધ કરવા, સમયાંતરે અનેક સંબુદ્ધ સંતોનો પ્રાદુર્ભાવ થયો છે.

ગુજરાતમાં અને અન્યત્ર જ્યારે ધર્મશિલાન્યાસની ખૂબ આવશ્યકતા હતી ત્યારે સર્વ કર્મ ફલ પ્રદાતા ત્રિમૂર્તિ ભગવાન દત્તાત્રેયના સ્વસ્વરૂપ એવા સહોદિત સદ્ગુરુ પૂ.રંગ અવધૂતજીનો ગોધરાની ગોકુલભૂમિમાં એ જ શ્રેયાર્થે પ્રાદુર્ભાવ થયો. સમયાંતરે નારેશ્વરની તપોભૂમિમાં તપ-યજ્ઞ સાધનાથી આત્મોન્નતિ સાધીને સાથોસાથે નર્મદા મૈયાને તીર્થત્વ અપાવ્યું. પરબ્રહ્મસ્વરૂપ પૂ.રંગપ્રભુએ જગત સુહૃદની આત્મીયતાથી સર્વજન સમભાવ દાખવી 'પરસ્પર દેવો ભવ'નો ઉન્નત અંતરભાવ સર્વત્ર જગાવ્યો.

પૂ.રંગ અવધૂત મહારાજે નર્મદા કિનારે નારેશ્વરમાં તપ કરતાં કરતાં શબ્દબ્રહ્મની ઉપાસના પણ કરી છે. ગુજરાતને દત્તભક્તિ અને માતૃસેવાનો રંગ લગાડનાર રંગ અવધૂત મહારાજને કોઈ એક ધન્ય પળે દત્તલીલા ગાવાનો આદેશ મળ્યો. એ આદેશાનુસાર તેમણે ૧૯૦૦૫ દોહરા અને ભજનાદિ વણી લઈ 'શ્રી ગુરુલીલામૃત' નામના વરદ ગ્રંથની રચના કરી. શ્રી ગુરુલીલામૃત સરળ દોહરામાં લખાયેલું શ્રી દત્ત પરંપરાનું મહાકાવ્ય છે. જેના પાઠ, પારાયણ, પ્રદક્ષિણા કરવા માત્રથી શ્રદ્ધાળુ ભક્તોના આધિ, વ્યાધિ, ઉપાધિ જેવા ત્રિતાપ દૂર થાય છે.

લૌકિક દૃષ્ટિએ વિચારીએ તો પૂ. રંગ અવધૂત મહારાજની સ્થૂળદેહે હયાતી હતી ત્યારે ભક્તોનાં ટોળેટોળાં એકત્ર જઈ સાંસારિક સુખ, સંપત્તિ, વૈભવ જેવા કે પુત્ર, પૌત્ર, ધન-ધાન્ય જેવી ભૌતિક વસ્તુની માગણી કરતા હતા. પૂ.શ્રીએ વિચાર કર્યો હશે કે મારી સ્થૂળ દેહે હયાતી નહીં હોય ત્યારે આ મારા ભોળા ભક્તો શું કરશે? કોની પાસે જશે? પોતાનાં દુઃખડાં દૂર કરવા શું કરશે? સાંસારિક માતા-પિતા પોતાની શક્તિ મુજબ પોતાનાં સંતાનોના સુખ માટે વારસામાં કંઈક મૂડી મૂકતા જાય છે. એ વિચારે પૂ.શ્રી ભક્તોને શ્રીગુરુલીલામૃત ગ્રંથ વારસામાં આપતા ગયા છે. શ્રી ગુરુલીલામૃત ગ્રંથમાંથી આપણી દરેકે દરેક સાંસારિક સમસ્યાનું સમાધાન મળી રહે છે. પૂ. રંગ અવધૂત મહારાજની શબ્દબ્રહ્મ ઉપાસનાનું બીજું ઉદાહરણ છે 'દત્તબાવની'

ભગવાન રંગ અવધૂત ગુરુ મહારાજે યુગની નાડ પારખી આ શબ્દબ્રહ્મની ઉપાસના 'દત્તબાવની' સ્વરૂપે કરી છે. શબ્દો માત્ર ગોઠવી કે બેસાડી દીધેલા નથી. દત્તબાવની એ રંગ અવધૂત મહારાજે દત્ત ભગવાનને રીઝવવા, નવાજવા કે બિરદાવવા પોતાના હૃદયના ઊંડાણમાંથી નીકળેલ આર્તનાદથી કરેલ પ્રાર્થના છે. હૃદયોર્મિ છે. પૂ. રંગ અવધૂત મહારાજના અંતઃકરણની કોઈ અજબ શક્તિથી દત્તબાવનીનું પ્રાગટ્ય થયું છે.

સમાજની સેવા એ જ પરમ ધર્મ છે. એવું માનનારા પૂ.શ્રીએ સત્યમ્ શિવમ્ સુંદરમ્નો શુભગ ત્રિવેણી સંગમનો સમન્વય સાધ્યો હોય એવું લાગે છે. મનુષ્યને ડગલે ને પગલે મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. એનો દુન્યવી માર્ગ પણ પુષ્પાચ્છાદિત નથી. ત્યાં પારમાર્થિકનું તો કહેવું જ શું? એની પાસે કોઈ સાત્ત્વિક આલંબન ન હોય તો એને જીવન અકારું લાગે છે.

દત્તબાવનીનું સ્મરણ, અનુષ્ઠાન કરવાથી દત્ત ભગવાન તેમની વહારે દોડે છે. સંકટ સમયમાં દત્તબાવનીનું કરેલું ગાન સંકટ દૂર કરે છે. ભીડભંજન દત્તપ્રભુએ અનેક ભક્તોની ભીડભાંગી છે. દત્તબાવનીના પાઠ, અનુષ્ઠાનથી અનેક ભક્તોના સાંસારિક પ્રશ્નોનું સમાધાન થઈ ગયાનો અનુભવ થાય છે. તેથી જ દત્તબાવની મનુષ્ય જીવનનું પાથેય છે.


દત્તબાવનીના પાઠ, અનુષ્ઠાન સાચી શ્રદ્ધા ભક્તિથી કરીએ છીએ ત્યારે ભક્તોને પૂ.શ્રીની હાજરી હોવાની અનુભૂતિ થાય છે.

આવા સદ્ગુરુ પૂ.રંગ અવધૂત મહારાજ આપણા પર અગણિત ઉપકારો આજે પણ કરી રહ્યા છે. એમના જન્મોજન્મના આપણે ઋણી છીએ. એમના જન્મદિન પર્વે કોટિ કોટિ વંદન.

**નર્મદા કિનારે નારેશ્વર તીર્થધામનું પાંદડે પાંદડું, કણે કણ રંગ અવધૂતની તપસ્યાનું સાક્ષી છે. નારેશ્વરનાં દરેક વૃક્ષો આજે પણ એમને સાષ્ટાંગ પ્રણામ કરતાં હોય એમ જમીન સુધી ડાળીઓ ઝુકાવી ઊભાં છે. લીમડો પોતાની કડવાશ ભૂલી મીઠો બની ગયો છે.**

## દત્તભક્ત અને માતૃભક્ત

# શ્રી રંગ અવધૂત



પુણ્યતિથિ : ૧૯ નવેમ્બર

### નારેશ્વરના નાથ

કનક શાહ

શ્રી રંગ અવધૂત મહારાજનો પ્રાદુર્ભાવ કારતક સુદ નોમ, વિક્રમ સંવત ૧૯૫૫ સને ૨૧-૧૧-૧૮૯૮ના દિને પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ગામમાં થયો હતો.

ગુજરાતમાં આવેલ નારેશ્વરના નિબિડ જંગલમાં દત્તોપાસના કરી, નારેશ્વરને તીર્થ બનાવ્યું. આ કળિયુગમાં પૈસાને સ્પર્શ સુધ્ધાં નહીં કરવાનો તેમનો આકરો નિયમ હતો. નારેશ્વર તીર્થધામનું પાંદડે પાંદડું, કણે કણ રંગ અવધૂતની તપસ્યાનું સાક્ષી છે. નારેશ્વરનાં દરેક વૃક્ષો આજે પણ એમને સાષ્ટાંગ પ્રણામ કરતાં હોય એમ જમીન સુધી ડાળીઓ ઝુકાવી ઊભાં છે. લીમડો પોતાની કડવાશ ભૂલી મીઠો બની ગયો છે. જેના એક હાથમાં ત્યાગ છે અને બીજા હાથમાં રાજ છે, પરંતુ એમને કોઇ જાતનાં સુખનો કે દુ:ખનો વિકલ્પ સ્પર્શતો નથી.

'કોઇ દિન ગાડી, કોઇ દિન ઘોડા, કોઇ દિન પૈદલ ચલના.' એવી તેમની વૃત્તિ હતી.

એક ત્યાગી, વિદ્વાન અને બ્રહ્મચારી રંગ અવધૂત મહારાજે નવા-જૂનાનો સમન્વય કરી, ગુજરાત અને ગુજરાત બહાર દત્તોપાસનાનો ડંકો વગાડ્યો. પોતે મહારાષ્ટ્રીયન દક્ષિણી બ્રાહ્મણ હોવા છતાં ગુજરાતી ભાષા પર તેમનું અજબ પ્રભુત્વ હતું. ભગવાન દત્તાત્રેયના તથા દત્ત પરંપરાના અવતારી સંતપુરુષ શ્રી પાદ્ વલ્લભ, નૃસિંહ સરસ્વતી ગુરુ મહારાજની લીલા વર્ણવતો 'શ્રી ગુરુ લીલામૃત' નામનો ૧૯૦૦૫ દોહરાનો બૃહદ ગ્રંથ રચ્યો. 'દત્તબાવની' જેવા બાવન લીટીના સ્તોત્રની રચના કરી. દત્તબાવનીના પાઠ, ગાન કરવાથી પિશાચ પીડા, જીવનમાં આવી પડેલી આધિ, ઉપાધિ દૂર થાય છે.

પૂ. શ્રીના હૃદયના ઊંડાણમાંથી નીકળેલ કાવ્યોર્મિ 'અવધૂતી આનંદ' પુસ્તકમાં ભજનોનો સંગ્રહ છે. રંગ અવધૂત મહારાજનું હૃદય એટલે 'રંગ હૃદયમ્' પુસ્તક છે. શ્રીએ લખેલાં કે એમના પર આવેલા પત્રનો 'પત્રમંજુસા' પુસ્તકરૂપે પ્રકાશિત થયું છે.



**'આપણે જાતે સુધરીએ, આપણા દોષો દૂર કરીએ તો સમાજ જરૂર સુધરશે'**

નર્મદા કિનારે તપ કરતાં કરતાં પોતાનાં માતૃશ્રીનાં ચરણોની સદા સેવા કર્યા કરી અને એ નિમિત્તે ગુજરાતનો દત્તભક્તિનો અને માતૃસેવાનો રંગ લગાડ્યો. આચારમાં જ માનનારા એ સંતરાજે સ્વાભાવિક રીતે જ ગુરુની આજ્ઞા માની પોતાના જીવન પ્રવાહમાં જે કંઇ આવી પડ્યું તેને પોતાના રંગે રંગી પ્રભુપ્રેરિત કાર્યને દીપાવ્યું. એથી જ તેઓનું સઘળું કાર્ય ઈશ્વરપ્રેરિત બની રહ્યું.

વિદ્યાર્થીકાળમાં આઝાદીની લડતમાં ગાંધીજીની હાકલ થતાં બી.એ.ના છેલ્લા વર્ષની છેલ્લી ટર્મ હોવા છતાં કોલેજ શિક્ષણનો ત્યાગ કરી આઝાદીની લડતમાં જોડાયા. સંત થયા પછી પણ નારેશ્વર ધામમાં રાઇફલ ટ્રેનિંગનો કેમ્પ રાખ્યો. પોતે રાઇફલનો ઘોડો દબાવી કેમ્પનું ઉદ્ઘાટન કર્યું.

પોતાની કોઇ નોંધ લે છે કે નહીં તેની પરવા કર્યા વિના જીવી ગયા. એમણે જે રસ્તો નક્કી કર્યો હતો તે માર્ગે નિર્ભિક શ્રદ્ધાપૂર્વક સામે પાણીએ તણાયા વિના તરતા રહ્યા. આજે પણ તેઓ સ્થૂળ દેહે નહીં હોવા છતાં જનસમાજની સેવા કર્યા કરે છે.

સમાજ સુધારણા અંગે તેઓ કહેતા કે 'આપણે જાતે સુધરીએ, આપણા દોષો દૂર કરીએ તો સમાજ જરૂર સુધરશે, કારણ કે સમાજ આપણા જેવા સુખી-દુ:ખી વ્યક્તિઓનો જ બનેલો છે. આખી પૃથ્વી ઉપર ચામડું મઢી નહીં શકાય, જેને દઝાતું હોય તેણે જાતે જોડાં પહેરવાં રહ્યાં.' આવા સંતને તેમની પુણ્યતિથિ નિમિત્તે શત શત પ્રણામ. ■

---

**શ્રી રંગ** અવધૂતજીનાં દેવસ્થાનો ગુજરાતમાં રાજપીપળા પાસે તિલકવાડા પાસેના ઉમલ્લા ગામે, મહેસાણા હાઇવે પરના નંદાસણથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલા લીંચ ગામે, સુરત પાસેના ઉકાઇ નજીક સોનગઢ ગામે તેમજ ગાંધીનગર સેક્ટર ૨૮ ખાતે રંગ અવધૂતજીનું દત્ત મંદિર આવેલું છે. આ સિવાય હરિદ્વારમાં ગંગાકિનારે આર્યનિવાસ ખાતે સમાધિ મંદિર પણ આવેલું છે. અવધૂતજીને ગુરુ દત્તાત્રયના અવતાર ગણવામાં આવતા હોવાથી દત્તાત્રય ભગવાનનાં મંદિરો ગિરનાર પર્વત પરની દત્તની ટ્રેક પર આવેલું છે. આબુ પર્વત પર ગુરુશિખર ખાતે દત્તાત્રયનાં પગલાં છે. તેમજ નર્મદાકિનારે નારેશ્વર ખાતે આવેલું રંગ અવધૂતજીનું મંદિર અને આશ્રમ ખૂબ જાણીતાં છે.